# ECHO OF HIS CALL

# સાદનો પ્રતિસાદ

GUJARATI

India's National Spiritual Newspaper

₹ 10/-

ECHO OF HIS CALL 1969-2019 GOLDEN JUBILEE

REACHING NATIONS

Published monthly in ENGLISH, TAMIL, MALAYALAM, TELUGU, HINDI, KANNADA, MARATHI, BENGALI, GUJARATI, ODIYA, ASSAMESE, PUNJABI, NEPALI, URDU, SINHALA & AFRIKAN

Editor : S. SAM SELVA RAJ | 16 Languages | Associate Editor : Bro. PANKAJ C. WADIA

VOL: XXVI | YEAR OF OUR LORD JESUS CHRIST, 2025 FEBRUARY | NO: 12


## પવિત્ર બાઈબલ

કૃપા કરી આ ભાગ મોઢે કરો

**નીતિવચનો ૨૧: ૨૨ થી ૩૧**

૨૨. જ્ઞાની માણસ સમર્થના નગરના કોટ પર ચઢે છે, અને જે સામર્થ્ય પર તેનો ભરોસો હતો તેને તે તોડી પાડે છે.

૨૩. જે કોઈ પોતાના મોઢાની તથા જીભની સંભાળ રાખે છે, તે સંકટમાંથી પોતાના આત્માનું રક્ષણ કરે છે.

૨૪. જે માણસ અભિમાની ને અહંકારી હોય છે, તેનું નામ તિરસ્કાર કરનાર છે, તે અભિમાનથી મદોન્મત્તપણે વર્તે છે.

૨૫. આળસુની ક્ષુધા તેને મારી નાખે છે; કેમ કે તેના હાથ કામ કરવાની ના પાડે છે.

૨૬. એવા માણસો હોય છે કે જેઓ આખો દિવસ લોભમાં ને લોભમાં મંડ્યા રહે છે; પણ નેક માણસ આપે છે, અને હાથ પાછો ખેંચી રાખતો નથી.

૨૭. દુષ્ટનો યજ્ઞ કંટાળારૂપ છે; પણ તે દુષ્ટ મનસૂબાથી યજ્ઞ કરે તો તે કેટલો બધો કંટાળારૂપ છે!

૨૮. જૂઠો સાક્ષી નાશ પામશે; પણ જે માણસ સાંભળ્યા પ્રમાણે બોલશે તેની સાક્ષી ટકી રહેશે.

૨૯. દુષ્ટ માણસ પોતાની મુખમુદ્રા કઠોર કરે છે; પણ પ્રામાણિક તો પોતાના માર્ગનો વિચાર કરીને વર્તે છે.

૩૦. યહોવાની વિરુદ્ધ ચાલે એવું કોઈપણ જ્ઞાન, બુદ્ધિ કે મસલત નથી.

૩૧. ઘોડો યુદ્ધના દિવસને વાસ્તે તૈયાર કરવામાં આવે છે; પણ ફતેહ તો યહોવાથી જ મળે છે.

# જીતવા માટે દોડો!

## RUN TO WIN!

*માનદ મુખ્ય સંપાદક રેવ. એન્જેલાઈન સેલ્વાકુમારી*



તે ૧૯૮૬ની એશિયન ગેમ્સ હતી અને સેઓલમાં ૮૦૦ મીટરની અંતિમ દોડ યોજાવાની હતી. (કદાચ તમે ત્યારે જન્મ્યા પણ નહોતા). દેશના સર્વ લોકો તેમની બેઠકની ધાર પર હતા, એ અપેક્ષા સાથે કે ભારતના શ્રેષ્ઠ રમતવીરોમાંની એક, શાઈની અબ્રાહમ દોડ પૂરી કરીને જીતી જાય. અપેક્ષાઓ વધી ગઈ હતી કારણ કે લોકોને આશા હતી કે તેણી સુવર્ણ ચંદ્રક મેળવશે.

જ્યારે શાઈનીએ પ્રથમ સ્થાને રહીને અંતિમ રેખા ઓળંગી, ત્યારે દરેક ભારતીય દ્વારા જે ગર્વ અને આનંદની અનુભૂતિ થઈ હતી તે અવર્ણનીય હતી. દેશભરના ઘરોમાંથી ઉલ્લાસનો જયઘોષ ગુંજી ઉઠ્યો હતો.

જો કે, ઉત્સાહ અલ્પજીવી નીવડ્યો હતો. થોડીક ક્ષણો પછી, એવી જાહેરાત કરવામાં આવી કે શાઈનીને દોડની મધ્યમાં લેન બદલવા માટે ગેરલાયક ઠેરવવામાં આવી હતી.

દેશની સામૂહિક ઉત્તેજના હ્રદયભંગમાં ફેરવાઈ ગઈ હતી. શાઈનીની સખત મહેનત, દ્રઢનિશ્ચયતા અને અવિરત પ્રયત્નો તે જીત મેળવવા માટે પૂરતા નહોતા, જેને માટે તેણી હકદાર હતી. તે એક અત્યંત મોટો ફટકો હતો – માત્ર શાઈની માટે જ નહિ પરંતુ દરેક ભારતીય માટે કે જેમણે તેણીની પ્રશંસા કરી હતી અને તેણીનામાં વિશ્વાસ રાખ્યો હતો. આજે પણ, જ્યારે પણ હું તે ક્ષણ વિશે

(અનુસંધાન પાન ૩ પર)




ઈકો ઓફ હીજ કોલ

ખ્રિસ્તી યૂટ્યૂબ ચેનલ !

પાળક એસ. સામ સેલ્વરાજ સાથે

પ્રાર્થના કરવાની એક તક!

પાંચ મિનિટોમાં સંદેશો, પ્રાર્થના!!

અંગ્રેજી, હિન્દી, તામિલ અને તેલગુ

દરરોજ – સવારે ૨.૦૦ વાગે થી

તમિલ રવિવારની ભજનસેવા – સવારે ૮.૩૦ વાગે

* Please Subscribe and Share *

# ECHO OF HIS CALL - (1969-2019 GOLDEN JUBILEE YEAR)

## from your dearly beloved brother...

ECHO OF HIS CALL 1969-2019
REACHING NATIONS





**"... ખરેખર હું તને નક્કી આશીર્વાદ દઈશ, અને તારો વિસ્તાર નિશ્ચે વધારીશ." – હિબ્રૂઓને પત્ર ૬:૧૪.**

### આપણી મિશન નીતિ

આપણે સમકાલીન પેઢીને પ્રાચીન અને પ્રારંભિક પ્રેરિતોનું ઉચ્ચગુણવત્તાવાળું શિક્ષણ સમજાવવું જોઈએ અને શીખવવું જોઈએ. આ સમયની જરૂરિયાત છે.

**HON. EDITOR-IN-CHIEF**
Rev. Angeline S. Kumari, M.A., M.Sc., M.Ed.
**HON. MANAGING EDITOR**
Pastor Alex Samson Sam, B.Th., M.Div.
**GENERAL MANAGER**
Bro. N. Prakasam, M.A., M.Sc.(C&P), PGDHRM., MBA.
**ADMINISTRATION**
Sis. Jesy Veena Sam
Adv. K. Puratchivendan, M.Com., C.A., B.L.
Dr. P.E.R. Premchand, M.Sc., M.A., M.Ed., Ph.D.
Dr. C.G.S. Baburao, B.Tech., M.Tech. (DM), Ph.D.
Dr. Rabinder Boaz, M.S. (CMC)
**EDITORIAL BOARD**
Dr. Serena Bevin, M.A., M.Phil., B.Ed.
Sis. Sajini Cherian
Rev. Dr. K.R. Rajasekaran
Rev. Dr. William Robert, Ph.D., DD, D.Lit.
**EDITOR, PUBLISHER & PRINTER**
Pastor S. SAM SELVA RAJ
Echo of His Call Printers
10, Mohammed Abdullah 2nd Street,
Chepauk, Chennai- 600 005, India.
Phone : (+ 91- 44) 2852 8282, 2852 9293, 2854 7766
Cell : (+91) 98410 71852, 98412 71858
95661 31858
**E.MAIL**
sam@echoofhiscall.org
biblecor@yahoo.co.in
**WEBSITES**
www.echoofhiscall.org
www.stpaulsmatriculation.com
**YOUTUBE CHANNEL**
Echo of His Call

પ્રભુમાં પ્રિય વહાલાઓ!

આપણા પ્રભુ અને તારનાર ઈસુ ખ્રિસ્તના મૂલ્યવાન નામમાં હાર્દિક શુભેચ્છાઓ!

જ્યારે આપણે ૨૦૨૫ના નવા વર્ષમાં પ્રવેશ કરીએ છીએ, ત્યારે આવો આપણે ઈશ્વરને તેમની ભરપૂર કૃપા અને વિશ્વાસુપણા માટે મહિમા આપીએ. તેમના પવિત્ર નામની સ્તુતિ થાઓ!

તમે કેમ છો? હું આશા રાખું છું કે આ સંદેશો તમને સારા સ્વાસ્થ્ય અને દ્રઢ વિશ્વાસમાં જોશે. આપણે આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તે આપણા પર વરસાવેલા અસંખ્ય આશીર્વાદો માટે હંમેશા તેમના આભારી રહેવું જોઈએ. આજે સવારે, મેં તમારી આત્મિક, શારીરિક અને ભાવનાત્મક સુખાકારી માટે પ્રાર્થના કરી હતી.

મને લાગે છે કે હું એક ભક્તિ સંદેશ વહેંચવા તરફ દોરાઈ ગયો છું જે મારી સાથે ઊંડો પડઘો પાડે છે :

## અંકુશમાં રાખવા કે સુધારવા એ શિક્ષા નથી!

જ્યારે આપણે ઈશ્વરના છૂટકારાને સંપૂર્ણ રીતે સ્વીકાર્યા અથવા પ્રશંસા કર્યા વિના સતત અનુભવીએ છીએ, ત્યારે આપણે આત્મસંતુષ્ટ બની શકીએ છીએ. ગર્વ આપણા હ્રદયમાં સૂક્ષ્મ રીતે પ્રવેશી શકે છે, ઈશ્વર પરની આપણી અવલંબનતાને ઓછી કરે છે અને આપણી કૃતજ્ઞતા ઘટાડે છે. તેમના પ્રેમમાં, ઈશ્વર આપણને સુધારવા અને માર્ગદર્શન આપવા માટે ઠપકો આપી શકે છે.

જ્યારે ફક્ત ઠપકો બદલાવ લાવતો નથી, ત્યારે ઈશ્વર દુઃખની ક્ષણોને આપણને નમ્ર બનાવવા અને તેમની નજીક લાવવાની મંજૂરી આપી શકે છે. ગીતકર્તા ગીતશાસ્ત્ર ૧૧૯:૭૫માં આ પ્રકારના દુઃખનો ઉલ્લેખ કરે છે, સજા તરીકે નહિ પણ આપણને ભટકી જતા અટકાવવા માટે પ્રેમાળ સુધારણા તરીકે.

ઈશ્વરનો સ્વભાવ પ્રેમ અને વિશ્વાસુપણામાં રહેલો છે. તેમનું વિશ્વાસુપણું સ્થિરતા અને અતૂટ પ્રતિબદ્ધતા દર્શાવે છે. મનુષ્યોથી વિપરીત, ઈશ્વર દ્વેષ સાથે બદલો લેતા નથી; તેને બદલે, તેઓ તેમના પ્રેમમાં સાતત્યતા રાખે છે. આજ્ઞાભંગની શિક્ષા તરીકે દુઃખનું ખોટું અર્થઘટન કરશો નહિ. શિક્ષા તે લોકો માટે રાખી મૂકેલી છે જેઓ ઈશ્વરથી દૂર છે, જ્યારે શિક્ષા એ તેમના બાળકો માટે પ્રેમનું કૃત્ય છે જેઓ ક્ષણભરમાં તેમનો માર્ગ ગુમાવી શકે છે.

ઈશ્વર તેમના બાળકોને ક્રોધથી શિક્ષા કરતા નથી પરંતુ તેમને વૃદ્ધિ પામતા અને ખીલતા જોવાની ઊંડી ઈચ્છાથી તેમને શિક્ષા કરે છે. આને સમજવાથી આપણને આભારી હ્રદય અને યોગ્ય વલણ સાથે શિક્ષા સ્વીકારવામાં મદદ મળે છે. યૂસફ એ એવી વ્યક્તિનું ગહન ઉદાહરણ છે જેણે યોગ્ય પરિપ્રેક્ષ્ય સાથે દુઃખને સ્વીકાર્યું હતું. (ઉત્પત્તિ ૫૦:૧૫-૨૧).

**"હે યહોવા, તારાં ન્યાયવચનો અદલ છે, અને વિશ્વાસુપણાએ તેં મને દુઃખી કર્યો છે, એમ હું જાણું છું."** ગીતશાસ્ત્ર ૧૧૯:૭૫.

ઈશ્વર તમને ભરપૂરીપણાથી આશીર્વાદિત કરો!

ઈસુ ખ્રિસ્તમાં તમારા સેવકો,

**પાળક એસ. સામ સેલ્વરાજ અને એલેક્ષ સેમસન સામ**

(+91) 98412 71858 / 98410 71858, E.mail : sam@echoofhiscall.org

Our Ministries: ECHO OF HIS CALL Monthly Magazines (16 languages) BIBLECOR - Postal Courses (3 languages) Media Ministry Online Courses Theological Correspondence Courses (2 languages) Church Planting Nehemiah Bible Colleges Gospel Printing Press Great Commission Partners St. Paul's Matriculation School Crusades Community Development

## કૃપા કરીને ધ્યાન આપો....

અમારા પાંચ મિનિટના **ઈકો ઓફ હીજ કોલ** યૂટ્યૂબ સંદેશાઓ સવારે ૨.૦૦ વાગેથી તામિલ, તેલગુ, અંગ્રેજી અને હિન્દીમાં (દરરોજ) પ્રસારીત કરવામાં આવે છે. તમે આ સંદેશાઓ સાંભળીને ઈશ્વરની કૃપા મેળવી શકો છો.

વધુમાં તમે મારા મોબાઈલ નંબરો (+૯૧)૯૮૪૧૦૭૧૮૫૮, +૯૧(૯૮૪૧૨૭૧૮૫૮) તમારા મોબાઈલમાં સેવ કરી રાખશો.

**પાળક એસ. સામ સેલ્વરાજ**

(પાન ૧થી આગળ...)

વિચારું છું, ત્યારે મારું હૃદય શાઈની માટે દુ:ખી છે, એક એવી રમતવીર જેણીનો હું ખૂબ જ આદર કરું છું અને તેણીની પ્રશંસા કરું છું.

## જીતવા માટે દોડો!



જીવન એક દોડ છે અને ઈશ્વરે આપણ દરેક માટે એક અનોખો માર્ગ તૈયાર કર્યો છે. કેટલાક ઝડપી દોડવીરો હોય છે, અન્ય લાંબા-અંતરના દોડવીરો હોય છે અને કેટલાક બાધાદોડના દોડવીરો પણ હોઈ શકે છે, અને દરેકને અલગ કૌશલ્ય અને વ્યૂહરચનાની જરૂર હોય છે. આપણે કોઈ બીજાને માટે ઠરાવેલી શરતની દોડમાં દોડી શકતા નથી, કેમ કે ઈશ્વરે દરેક મુસાફરીને તેમની દૈવી યોજના અનુસાર તૈયાર કરી છે.

દરેક પ્રકારની દોડ સહનશક્તિ, વ્યૂહરચના અને શક્તિના વિવિધ સ્તરોની માંગ કરે છે. ઝડપથી દોડનાર દોડવીર સરળતાથી લાંબા-અંતરની દોડમાં સંક્રમણ કરી શકતો નથી, તેમજ મેરેથોનર કે લાંબા અંતરનો દોડવીર પુષ્કળ પ્રયત્નો અને તૈયારી વિના ઝડપી દોડમાં ઉત્કૃષ્ટ દેખાવ કરી શકતો નથી. તેવી જ રીતે, ઈશ્વર આપણને કૃપાભરી શ્રેષ્ઠતા સાથે અને ક્ષમતાથી સજ્જ કરે છે જે તેમણે આપણી આગળ મૂકી છે.

આવો આપણે આપણી ઠરાવેલી શરતની દોડમાં દ્રઢતા સાથે દોડીએ, અન્યોને માટે ઠરાવેલી અંતિમ રેખા પર નહિ પણ ઈશ્વરે આપણા માટે અનન્ય રીતે ઘડેલા હેતુ પર ધ્યાન કેન્દ્રિત કરીએ.

જો આપણે કોઈ અલગ પ્રકારની દોડ દોડવાનું પસંદ કરીએ - ભલે તે લોકપ્રિય હોય, આકર્ષક હોય અથવા સલામત પદ્ધતિ કે નિયમાવલી સાથે હોય તો - આપણે આપણા હેતુનો સાર ચૂકી જઈએ છીએ. આમ કરવાથી, આપણે ખરેખર મહત્વની દોડ જીતી શકતા નથી. અંતિમ ધ્યેય એ છે કે ઈશ્વરે આપણા માટે નક્કી કરેલા માર્ગ પર રહેવું અને તેમણે વચન આપ્યું છે તે ઈનામ જીતવું.

જો આપણે આપણા માટે નિર્ધારિત કરેલા માર્ગથી ભટકી જઈએ અને કોઈ બીજાના માર્ગ પર દોડીએ, ભલે આપણે પહેલા તે પૂરો કરીએ, તો પણ આપણે હારી જઈએ છીએ. ઈનામ આપણું નહિ હોય. તેથી જ બાઈબલ આપણને શીખવે છેઃ

**"શું તમે નથી જાણતા કે શરતમાં દોડનાર સર્વ તો ઈનામ મેળવવા દોડે છે, તોપણ એકને જ ઈનામ મળે છે? એમ દોડો કે તમને મળે."** ૧ કરિંથીઓને પત્ર ૯:૨૪.

## આપણે શરત કેવી રીતે દોડીએ છીએ?



### ૧. વિશ્વાસ સહિત દોડો!

**"હું સારી લડાઈ લડ્યો છું, મેં દોડ પૂરી કરી છે, વિશ્વાસ રાખ્યો છે."** ૨ તિમોથીને પત્ર ૪:૭.

ઈનામ જીતવા માટે, આપણે વિશ્વાસપૂર્વક દોડવું જોઈએ. આપણા જીવનના દરેક ક્ષેત્રમાં વિશ્વાસુપણું જરૂરી છે - પછી ભલે તે આપણા કામમાં, લગ્નમાં, નાણાંકીય બાબતોમાં, સંબંધોમાં કે આત્મિક મુસાફરીમાં હોય.

ઈશ્વરે આપણને દોડવા માટે જે દોડ તૈયાર કરી છે તે સરળ દોડ નથી; તે એક યુદ્ધ છે. જેમ પાઉલ કહે છે, **"હું સારી લડાઈ લડ્યો છું."** દરરોજ, આપણે આ જગતના શાસક સામે આત્મિક યુદ્ધમાં જોડાઈએ છીએ, જે આપણા જીવનો માટેના ઈશ્વરના હેતુને નિષ્ફળ બનાવવા માટે સંકલ્પબદ્ધ હોય છે. **તેનું કાર્ય સ્પષ્ટ છે : ચોરી કરવી, મારી નાખવું અને નાશ કરવો.** (યોહાન ૧૦:૧૦). તે આપણા સર્જનહાર પ્રત્યેના આપણા વિશ્વાસુપણાને ચકાસવા માંગે છે, એક વ્યૂહરચના જેની શરૂઆત તેણે એદન વાડીમાં કરી હતી.

સર્પે ઈશ્વરના વિશ્વાસુપણા પર સવાલ ઉઠાવ્યા, એમ હવાના મનમાં શંકાના બીજ રોપ્યા હતા. આ કૃત્યએ ઈશ્વરમાંના તથા અને તેમની આજ્ઞામાંના તેણીના ભરોસાને નબળો પાડ્યો હતો, આખરે તેણીના વિશ્વાસનો નાશ કર્યો હતો. જેમ ત્યાં લખેલું છે કે :

**"અને સર્પે સ્ત્રીને કહ્યુ કે, તમે નહિ જ મરશો; કેમ કે દેવ જાણે છે કે તમે ખાશો તે જ દિવસે તમારી આંખો ઊઘડી જશે, ને તમે દેવના જેવાં ભલુંભૂંડું જાણનારાં થશો."** ઉત્પત્તિ ૩:૪-૫.

આ છેતરપિંડી દ્વારા, સર્પે આદમ અને હવાએ તેમના સર્જનહાર સાથે એક સમયે બાંધી રાખેલા સુંદર સંબંધને ચોરી લીધો હતો, તેનો નાશ કર્યો હતો અને મારી નાખ્યો હતો.

ઈશ્વરે આપણને વિશ્વાસુ રહેવા માટે તેડ્યા છે કેમ કે તેઓ વિશ્વાસુ છે. હિબ્રૂઓને પત્ર ૧૦:૨૩ આપણને યાદ અપાવે છે કેઃ

**"આવો આપણે આપણી આશાની કબૂલાત દ્રઢ પકડી રાખીએ, કેમ કે જેણે વચન આપ્યું તે વિશ્વાસયોગ્ય છે."**

જ્યારે ઈશ્વર વચન આપે છે, ત્યારે તેઓ તેને પરિપૂર્ણ કરે છે. વર્ષો સુધી તમારી પ્રાર્થનાઓ અનુત્તર રહી હોય એવું લાગે ત્યારે પણ જાણી લો કે તેઓ તમને ભૂલી ગયા નથી. ગીતશાસ્ત્ર ૫૬:૮ આપણને ખાતરી આપે છે કે ઈશ્વરે આપણા દરેક આંસુઓ તેમની કુપ્પીમાં એકઠા કર્યા છે અને તેને તેમના પુસ્તકમાં નોંધી રાખ્યા છે. તેઓ હંમેશા તેમના લોકો માટે વિશ્વાસુ છે અને તેમના સંપૂર્ણ સમયમાં જવાબ આપશે.

તેથી, જ્યારે તમે તેમના કામના પુરાવા જોઈ ન શકો ત્યારે પણ તમારી દોડ દોડવાનું ચાલુ રાખો. આપણા વિશ્વાસુ ઈશ્વરને વિશ્વાસુયોગ્ય રહેવા માટે દ્રઢ વિશ્વાસની જરૂર છે.

ઈશ્વરે આપણને પહેલાં જ ચેતવણી આપી હતી :

**“તારે જે જે સહન કરવું પડશે, તેનાથી બીતો ના; જુઓ, તમારું પરીક્ષણ થાય એ માટે તમારામાંના કેટલાકને શેતાન બંદીખાનામાં નાખવાનો છે; અને દશ દિવસ સુધી તમને વિપત્તિ પડશે. તું મરણ પર્યંત વિશ્વાસુ થઈ રહે, અને હું તને જીવનનો મુગટ આપીશ.”** – પ્રકટીકરણ ૨:૧૦

આપણે જે દોડ દોડી રહ્યા છીએ તે સરળ નથી – તે બાધાદોડ જેવી લાગે છે, જે પાણીથી ભરેલા ખુલ્લા ખાડા પરથી કૂદકા મારવા અને સાદી વાડને ઠેકીને જવા જેવા વિવિધ અવરોધોથી ભરેલી હોય છે. તેમ છતાં, આપણને દોડતા રહેવા, વિશ્વાસમાં દ્રઢ રહેવા માટે તેડવામાં આવ્યા છે.

જો આપણે વિપત્તિઓ અને પડકારો – પછી ભલે તે શારીરિક, ભાવનાત્મક, આત્મિક અથવા નાણાકીય હોય – છતાં પણ આપણા વિશ્વાસને પકડી રાખીએ તો આપણને વિજેતાનો મુગટ પ્રાપ્ત થશે. આપણા માટે દોડમાં અધવચ્ચે થોભી જવાનું કે પાછા વળવાનું પોસાય તેમ નથી. તેને બદલે, આપણે આપણા હૃદયોમાં પ્રામાણિકતા અને આપણા આત્માઓમાં વિશ્વાસ સાથે દ્રઢ રહેવું જોઈએ.

આપણા વર્તમાન સંજોગોને ધ્યાનમાં લીધા વિના, આપણા તેડાંમાં વિશ્વાસુપણું આવશ્યક છે. ઈશ્વરે આપણને જે કંઈપણ સોંપ્યું છે – ભલે તે મોટી જવાબદારી હોય કે નાની – આપણે વિશ્વાસુ રહેવું જોઈએ. નાના કારખાનામાં કે નાના વ્યવસાયની સામાન્ય સ્થિતિમાં પણ, વિશ્વાસુ રહો. જ્યારે કોઈ જોતું ન હોય ત્યારે પણ વિશ્વાસુ રહો, કેમ કે ઈશ્વર બધું જુએ છે.

ખંતપૂર્વક કામ કરો. જેમ બાઈબલ આપણને યાદ અપાવે છે :

**“પોતાના કામમાં ઉદ્યોગી હોય એવા માણસને તું જુએ છે શું? તો તારે જાણવું કે તે તો રાજાઓની હજૂરમાં ઊભો રહેશે; તે હલકા માણસોની આગળ ઊભો નહિ રહેશે.”** (નીતિવચનો ૨૨:૨૯).

તમારા કાર્યસ્થળ પર કદાચ તમારી કદર ન થઈ શકે – તો પણ વિશ્વાસુ રહો. તમે તમારા મિત્રો અથવા પરિવાર વચ્ચે ઓળખ પામ્યા વિના રહી શકો છો – તો પણ વિશ્વાસુ રહો. તમે તમારી મંડળીના સમુદાયની નજરમાં બીનમહત્વ હો એવું અનુભવી શકો છો – તો પણ વિશ્વાસુ રહો. ઈશ્વર, આખરી, છેવટના બદલો આપનાર, તમારા શ્રમને ગુપ્ત રીતે જુએ છે અને તેમના સંપૂર્ણ સમયે તમને છડે ચોક, બધાની સામે બદલો આપશે.

એક દિવસ એવો આવશે કે જ્યારે પ્રભુ કહેશે કેઃ

**“શાબાશ, સારા તથા વિશ્વાસુ ચાકર, તું થોડામાં વિશ્વાસુ માલૂમ પડ્યો છે; હું તને ઘણા પર ઠરાવીશ; તું તારા પ્રભુના આનંદમાં પેસ!”** (માથ્થી ૨૫:૨૧)

હું પ્રાર્થના કરું છું કે ઈશ્વર આપણને આપણા વિશ્વાસમાં દ્રઢ રહેવાનું સામર્થ્ય આપો – વિશ્વાસુપણે અને ડગમગ્યા વગર – આપણે જે પડકારોનો સામનો કરીએ છીએ, તેની સાથે સમાધાન કર્યા વિના. આવો આપણે ઈસુ ખ્રિસ્તના ખરા એલચીઓ બનવાનો પ્રયત્ન કરીએ.

## ૨. ધીરજથી દોડીએ!

**“આવો આપણે આપણે સારુ ઠરાવેલી શરતમાં ધીરજથી દોડીએ.”** (હિબ્રૂઓને પત્ર ૧૨:૧).

દ્રઢતા અથવા સહનશક્તિ, ધીરજ એ કોઈપણ રમતવીર માટે નિર્ણાયક ગુણવત્તા છે. જ્યારે મુસાફરી મુશ્કેલ બની જાય છે, ત્યારે હાર માનવા માટે કોઈ જગ્યા હોતી નથી. સફળતા માટે સમર્પણ, શિસ્ત અને પોતાની જાતને સગવડતાથી આગળ વધારવાની ઈચ્છાની જરૂર હોય છે. તે સખત મહેનત, સંઘર્ષ, પરસેવો, પીડા અને નિરાશાની ક્ષણોની પણ માંગ કરે છે.

તેવી જ રીતે, આપણું ખ્રિસ્તી વ્યક્તિ તરીકે ચાલવું એ સરળ માર્ગ નથી. આપણે સંઘર્ષોનો સામનો કરીએ છીએ, લડાઈઓનો સામનો કરીએ છીએ અને આપણા વિશ્વાસની કસોટી થતી વખતે પડકારો સહન કરીએ છીએ. અમુક સમયોએ, તે એકલતા અનુભવી શકાય છે, જ્યારે આપણે એવા માર્ગ પર ચાલી રહ્યા છીએ જે અન્ય લોકો સમજી શકતા નથી. સાંસારિક મૂલ્યો સાથે સંરેખિત અથવા સમાધાન કરવામાં અસમર્થતા આપણામાં વિચિત્રતા જેવી લાગણી આવી શકે છે.

આ લાગણીઓ કુદરતી, સ્વાભાવિક છે, પરંતુ આપણે યાદ રાખવું જોઈએ કે આ માર્ગ સાંકડો અને પડકારજનક હોવા છતાં, શાશ્વત આનંદ અને પરિપૂર્ણતા તરફ દોરી લઈ જાય છે. આવો આપણે અતૂટ નિશ્ચય સાથે આગળ વધીએ, એ જાણીને કે ઈશ્વર આપણા દરેક પગલામાં આપણી સાથે છે.

ઈશ્વરના મહાન માણસોએ આવી જ લાગણીઓનો અનુભવ કર્યો હતો. એલિયાએ દુઃખ વ્યક્ત કર્યું હતું, **“હું, હા, હું એકલો જ બચી રહ્યો છું.”** ૧ રાજાઓ ૧૯:૧૦. દાઉદ ઘણી વાર એકલતાનો ભાર અનુભવતો હતો અને મૂસા પણ આવી પળો સહન કરતો હતો. આ લાગણીઓ આપણા માટે નવી નથી. જો કે, **જે આપણને આપણી દોડમાં દ્રઢ રહેવાનું સામર્થ્ય આપે છે તે તે લોકોની શાહેદી છે જેઓ આપણા પહેલા થઈ ગયા છે.** (હિબ્રૂઓને પત્ર ૧૨:૧). તેમના ઉદાહરણો આપણને યાદ અપાવે છે કે આપણે હાર માની શકતા નથી.

જો કે મુસાફરી થકવી નાખનારી લાગે, તો પણ આપણે ચોક્કસ આગળ વધવું જોઈએ. મદદ હંમેશા પહોંચની અંદર હોય છે. આપણામાંના કેટલાક નિરાશાજનક શબ્દો, ખોટા આરોપો, ગેરસમજ અથવા નિરાશાની આંતરિક ભાવનાનો સામનો કરી રહ્યા હોઈ શકે છે, પ્રશ્ન કરે છે, “હે પ્રભુ, મારે શા માટે દોડ ચાલુ રાખવી જોઈએ?” તેમ છતાં, આપણને ખંતપૂર્વક દોડવાનું કહેવામાં આવ્યું છે.

કોઈ એકલતા ઈચ્છતું નથી; આપણે સઘળા સંગત માટે ઝંખીએ છીએ. તોપણ, આપણે આપણા હૃદયોનું રક્ષણ કરવું જોઈએ. **જ્યારે આપણે જગત સાથે મિત્રતા પસંદ કરીએ છીએ, ત્યારે આપણે ઈશ્વરના વૈરી થવાનું જોખમ લઈએ છીએ.** (યાકૂબનો પત્ર ૪:૪). બાઈબલ ચેતવણી આપે છે કે જેઓ પોતાને દુન્યવી મૂલ્યો સાથે સંરેખિત કરે છે તેઓને વ્યભિચારીઓ અને વ્યભિચારીણીઓ સાથે સરખાવાય છે.

તેથી, આપણે ઈશ્વરે આપણા માટે જે દોડ નક્કી કરી છે તેમાં આપણે જાગ્રત રહેવું જોઈએ. ત્યાં સમાધાન માટે કોઈ અવકાશ નથી. દ્રઢ રહો, કેમ કે ઈનામ અનંતકાળિક, શાશ્વત છે.

(આગળ પાન ૬ પર...)

GREAT COMMISSION PARTNERS
ECHO OF HIS CALL MINISTRIES
SINCE 1969

# મહાન આદેશના ભાગીદારો



વંહેચવું (ગલાતીઓને પત્ર ૬:૨), મદદ કરવી (રોમનોને પત્ર ૧૨:૧૩), અને ઝડપ કરવી (૨તિમોથીને પત્ર ૧:૬)

**સ્તુતિ તથા પ્રાર્થનાના મુદ્દાઓ ૧૯ ફેબ્રુઆરી ૨૦૨૫ થી ૧૮ માર્ચ ૨૦૨૫ સુધી**

(મેહરબાની કરીને આ પાન કાઢો, તેને વાળો અને તે તમારા બાઈબલમાં મૂકો અને નિરંતર પ્રાર્થના કરો)

## ✝ ઈશ્વરની સ્તુતિ કરવાના મુદ્દાઓ....

**ફેબ્રુઆરી ૧૯:** પ્રભુએ અમારી **મીડિયા મિનિસ્ટ્રી** અને **ઈકો ઓફ હીજ કોલ** યુટ્યુબ ચેનલને વણખેડાયેલા બહુભાષી વિસ્તારોમાં સુવાર્તા ફેલાવવામાં આશીર્વાદિત કર્યા તે માટે.

**ફેબ્રુઆરી ૨૦ :** અમારી ચર્ચ મિનિસ્ટ્રીને વધુ સંગઠિત રીતે કામ કરવા આશીર્વાદિત કરવા માટે.

**ફેબ્રુઆરી ૨૧ :** અમારા **નહેમ્યા બાઇબલ કોલેજો**ને અને **સેન્ટ પોલ મેટ્રિક્યુલેશન સ્કૂલ**ના વિદ્યાર્થીઓના દૈવી રક્ષણને માટે.

**ફેબ્રુઆરી ૨૨ :** અમારા ભાગીદારોના નૈતિક અને નાણાકીય સમર્થન સાથે અમને આશીર્વાદિત કર્યા તે માટે.

**ફેબ્રુઆરી ૨૩ :** આપણા પ્રાર્થના ભાગીદારો, લવાજમ ભાગીદારો, વિશ્વાસના ભાગીદારો, જીવનસાથી ભાગીદારો અને મહાન આદેશના ભાગીદારો પર અને તેમના કુટુંબો પર ઈશ્વરની કૃપા તથા તેમની દયા માટે.

**ફેબ્રુઆરી ૨૪ :** અમારી બહુવિધ મિનિસ્ટ્રીજો દ્વારા સુવાર્તાનો પ્રચાર કરવા માટે અમારા વડીલ પાળકની પ્રતિબદ્ધતાને માટે.

**ફેબ્રુઆરી ૨૫ :** અમારી બધી ચર્ચ પ્રવૃત્તિઓમાં ભાગ લેવા માટે જુવાનોને ઉત્સાહ સાથે આશીર્વાદિત કરવા માટે.

**ફેબ્રુઆરી ૨૬ :** આપણા **ઈકો ઓફ હીજ કોલ**ના સહસંપાદકો અને તેમના કુટુંબના સભ્યોને આશીર્વાદિત કરવા માટે.

**ફેબ્રુઆરી ૨૭ :** આપણા વડીલ પાળક એસ. સામ સેલ્વરાજ અને તેમના પરિવારના સભ્યોને તમામ પ્રકારના દુષ્ટ પરિબળોની સામે સુરક્ષિત રાખ્યા તે માટે.

**ફેબ્રુઆરી ૨૮ :** અમારા મુખ્ય ચર્ચ અને શાખા ચર્ચમાં અમારી રવિવારની ભજનસેવાઓમાં ઈશ્વરના વચનમાંના સામર્થ્યને માટે.

**માર્ચ ૦૧ :** અમારી **સેન્ટ પોલ મેટ્રિક્યુલેશન સ્કૂલ**ના આચાર્ય, શૈક્ષણિક તથા બીન શૈક્ષણિક કર્મચારી વર્ગને આશીર્વાદિત કરવા માટે.

**માર્ચ ૦૨ :** અમારા કાર્યકરો પર વહેવડાવેલા તેમના પુષ્કળ આશીર્વાદોને માટે.

**માર્ચ ૦૩ :** મિશનના સેવાકાર્યને માટે મનથી સમર્પિત સભ્યો સાથે અમારા મુખ્ય ચર્ચને આશીર્વાદિત કર્યા તે માટે.

## ✝ કૃપા કરીને આ માટે પ્રાર્થના કરશો...

**માર્ચ ૦૪ :** ઈસ્રાએલ, પેલેસ્ટાઈન, રશિયા અને યુક્રેનમાં શાંતિ સ્થપાય તે માટે.

**માર્ચ ૦૫ :** સર્વ દેશોમાં એકતા અને શાંતિ સ્થપાય તે માટે.

**માર્ચ ૦૬ :** ખ્રિસ્તી પ્રચારકો ભેળસેળ વિના સંપૂર્ણ રીતે સુવાર્તાનો ઉપદેશ આપે તે માટે.

**માર્ચ ૦૭ :** શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ માટે અમારી નિવાસી તથા સાંધ્ય **નહેમ્યા બાઇબલ કોલેજ** માટે લાયક વિદ્યાર્થીઓના પ્રવેશ માટે.

**માર્ચ ૦૮ :** શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ માટે અમારી **સેન્ટ પોલ મેટ્રિક્યુલેશન સ્કૂલ**માં નવા વિદ્યાર્થીઓના પ્રવેશ માટે.

**માર્ચ ૦૯ :** દરેક દેશના બાળકો અને જુવાનો ઈસુ ખ્રિસ્તને તેમના વ્યક્તિગત તારણહાર તરીકે સ્વીકારે તે માટે.

**માર્ચ ૧૦ :** વિશ્વના બાળકો અને યુવાનોને મોબાઈલ ફોન અને ઓનલાઈન ગેમ્સના વ્યસનથી રક્ષણ પૂરું પાડવા માટે.

**માર્ચ ૧૧ :** વૃદ્ધાશ્રમમાંના વૃદ્ધ લોકો માટે.

**માર્ચ ૧૨ :** આપણા પ્રભુ આ મહિનામાં અમારી બધી જરૂરિયાતો પૂરી કરે તે માટે.

**માર્ચ ૧૩ :** અમારા ભાગીદારો અને રાજ્ય કો-ઓર્ડિનેટરની સારી તંદુરસ્તી માટે.

**માર્ચ ૧૪ :** અમને ભારતના વણખેડાયેલા સ્થળોએ સુવાર્તા ફેલાવવા માટે સક્ષમ બનાવે તે માટે.

**માર્ચ ૧૫ :** આ નવા વર્ષ ૨૦૨૫માં પુષ્કળ દયાને માટે.

**માર્ચ ૧૬ :** આપણા વડીલ પાળક એસ. સામ સેલ્વરાજ અને તેમના પરિવારના સભ્યોને તમામ પ્રકારના દુષ્ટ પરિબળોની સામે સુરક્ષિત રાખવા માટે.

**માર્ચ ૧૭ :** દુનિયાભરની સર્વ મહિલાઓ અને બાળકોની સલામતીને માટે.

**માર્ચ ૧૮ :** અમારા કર્મચારી સભ્યોના સ્વાસ્થ્યને માટે.

(પાન ૪ પરથી આગળ...)

## ૩) શરત પૂર્ણ કરવા માટે દોડો!

આ દોડનું અંતિમ ધ્યેય માત્ર દોડ પૂરી કરવી એજ નથી પરંતુ વિજયી રીતે પૂરી કરવી અને ઈનામનો દાવો કરવાનો છે. જેમ પ્રેરિતોનાં કૃત્યો ૨૦:૨૪ કહે છે, “**હું મારો જીવ વહાલો ગણીને તેની કંઈ પણ દરકાર કરતો નથી, એ માટે કે મારી દોડ અને દેવની કૃપાની સુવાર્તાની સાક્ષી આપવાની જે સેવા પ્રભુ ઈસુ પાસેથી મને મળી છે તે હું પૂર્ણ કરું.**”

વહાલા મિત્રો, જીવન ક્ષણિક છે અને આપણે ઈસુ ખ્રિસ્ત માટે જે કરીએ છીએ તે જ સહનશીલતા હશે. જ્યારે આપણે આ વર્ષની શરૂઆતમાં ઊભા છીએ, તે આત્મ-ચિંતનનો સમય છે. શું તમે ઈશ્વરે તમારી આગળ નક્કી કરેલી દોડમાં દોડી રહ્યા છો? શું તમે સાચા માર્ગ પર છો? શું તમે તમારું સર્વસ્વ આપી રહ્યા છો, વિક્ષેપો, અડચણો અને પડકારો જે તમને પાછળ રાખવા માગે છે તેમ છતાં દ્રઢતા સાથે દોડી રહ્યા છો? જો નહિ, તો આ પુનઃપ્રતિબદ્ધિત થવા માટેની યોગ્ય ક્ષણ છે.

આવો આપણે વિશ્વાસપૂર્વક, સહનશીલતા સાથે અને તાકાત સાથે દોડ પૂર્ણ કરવાના નિર્ધાર સાથે દોડીએ. છોડી દેશો નહિ ! ઈશ્વર વિશ્વાસુ છે. તેઓ આપણને ક્યારેય એવી જગ્યાએ લઈ જશે નહિ જ્યાં તેમની કૃપા અપર્યાપ્ત હોય.

જો તમે જે બોજ ઊંચકી લઈ જાવ છો, તે જબરજસ્ત, અતિશય ભારે અથવા ભાવનાત્મક રીતે થકાવી નાખતો લાગતો હોય, તો ઈશ્વરની હજૂરમાં આવો અને તમારું હૃદય તેમની આગળ ઠાલવી દો. કહો, હે પ્રભુ, હું આ ક્ષેત્રમાં સંઘર્ષ કરી રહ્યો છું. હું મારા ખભાઓ પર આ વજન લઈને દોડવાનું ચાલુ રાખી શકતો નથી.

હિઝિક્યા રાજાના ઉદાહરણનો વિચાર કરો. જ્યારે તેણે આશ્શૂરના રાજાના શબ્દો સાંભળ્યા, ત્યારે તેનું હૃદય ભાંગી પડયું હતું. તેણે સંપૂર્ણપણે અસહાયતા અનુભવી હતી. આશ્શૂરના રાજાએ તેની તથા તેના વિશ્વાસની એમ કહીને મશ્કરી કરી હતી, તે મારી સામે ઊભા રહેવાની હિંમત કેવી રીતે કરી? તને શું ભરોસો છે? મારા હાથમાંથી તને કોણ બચાવશે? હવે બધુ પૂરું થઈ ગયું છે. કોઈ તને છોડાવી શકશે નહિ. જો તારી ઈચ્છા હોય તો, હું તને બે હજાર ઘોડા આપું - જો તું તેમના પર સવારી કરનારા માણસો શોધી શકે તો - મારી વિરુદ્ધ લડવા માટે!

કેવો પડકાર! તે ક્ષણમાં હિઝિક્યા રાજાની માનસિક અને ભાવનાત્મક સ્થિતિની કલ્પના કરો. તેમ છતાં, તેની નિરાશામાં, હિઝિક્યા ઈશ્વરની તરફ ફર્યો હતો, જેઓ તેના સામર્થ્યના ખરા સ્ત્રોત હતાં.

તમે આ પરિસ્થિતિમાં શું કરશો? આશ્શૂરના રાજાઓ કેદીઓ સાથેના, ખાસ કરીને હરીફ રાજાઓ સાથેના ક્રૂર વર્તન માટે કુખ્યાત હતા. આ જાણીને, હિઝિક્યા સમજી ગયો હતો કે તેનું ભવિષ્ય અંધકારમય લાગતું હતું. તે પોતાનો વિશ્વાસ છોડી શક્યો હોત અને તેની સામે રાખવામાં આવેલી દોડને પૂર્ણ કરવામાં નિષ્ફળ ગયો હોત. જો કે, યશાયાના પુસ્તકનો ૩૭મો અધ્યાય એક અલગ પ્રતિભાવ જાહેર કરે છેઃ

૧. તે ઈશ્વરની હાજરી તરફ ફર્યો - હિઝિક્યા મંદિરમાં ગયો અને યહોવા પ્રભુની આગળ પોતાની જાતને નમ્ર કરી હતી.

૨. તેણે તેની મુશ્કેલીઓ ઈશ્વરની સાથે વહેંચી - તેણે પોતાનું હૃદય ઠાલવી દીધું અને દૈવી દોરવણી માંગી હતી. જેમ દાઉદે ગીતશાસ્ત્ર ૧૧૯:૨૬માં લખ્યું હતું, “**મેં મારા માર્ગો પ્રગટ કર્યા, અને તેં મને ઉત્તર આપ્યો; મને તારા વિધિઓ શીખવ.**” અન્ય એક અનુવાદ તેને એવી રીતે પ્રસ્તુત કરે છે, “મેં તમને મારા જીવન વિશે બધું કહ્યું છે.” તેવી જ રીતે, આપણને આપણી સમસ્યાઓ, નિષ્ફળતાઓ અને નિરાશાઓ ઈશ્વરની આગળ લાવવા પ્રોત્સાહિત કરવામાં આવે છે. જ્યારે આપણે તેમ કરીશું, ત્યારે તેઓ આપણને આગળનો માર્ગ શીખવશે.

## દોડ દોડતા રહો!

ઈશ્વરના પ્રિય પુરુષો અને સ્ત્રીઓ, શું તમે તમારા સેવાકાર્યમાં વિશ્વાસુ રહેવાથી કંટાળી ગયા છો? શું તમે ધીરજ રાખવા માટે સંઘર્ષ કરી રહ્યા છો? છોડી દેશો નહિ! હવે છોડી દેવાનો સમય નથી. ઉભા થાઓ અને જ્યાં સુધી તેઓ તમને થોભવાનું કહે નહિ ત્યાં સુધી દોડતા રહો!

ભલે આપણે ગમે તેવા પડકારોનો સામનો કરીએ, આવો આપણે ધીરજથી દોડીએ.

## કેવી રીતે ન દોડવું?

અમથા દોડ્યા ન કરોઃ પાઉલ ગલાતીઓને પત્ર ૨:૨માં લખે છે, “**રખેને હું અમથો દોડું અથવા દોડ્યો હોઉં.**”

ઈશ્વરે આપણા માટે જે દોડ નક્કી કરી છે તેને દોડવા માટે આપણે સાવચેત રહેવું જોઈએ અને આપણા પ્રયત્નોને વેડફવા ન જોઈએ. જગ વિખ્યાત રમતવીર, દોડવીર શાઈની અબ્રાહમના પાઠને ધ્યાનમાં લો. જો કે તેણીએ તેણીની દોડ પ્રથમ પૂરી કરી હોવા છતાં, તેણી એક નાની, મોટે ભાગે નિર્દોષ ભૂલને કારણે ચંદ્રક જીતવાનું ચૂકી ગઈ હતી.

(આગળ પાન ૯ પર...)

ECHO OF HIS CALL 1969-2019 GOLDEN JUBILEE
REACHING NATIONS

નહેમ્યા બાઈબલ કોલેજો
ચેપોક અને સંથોષપૂરમ, વેલાચેરી, ચેનાઈ
લાયકાતઃ ૧૦મું ધોરણ પાસ કે તેથી વધુ
પ્રવેશ માટે ઝડપ કરશો!
ધર્મશાસ્ત્રમાં ડિપ્લોમા
માધ્યમ : તામિલ (અર્ધ સમય માટે)
હિન્દી (નિવાસી) (સ્પોન્સરશિપ ઉપલબ્ધ છે)
માન્યતા પ્રાપ્તઃ છેલ્લા ૫૫ વર્ષોથી આંતરરાષ્ટ્રીય ખ્રિસ્તી આગેવાનો અને વડીલ પાળકો દ્વારા
સંપર્ક કરો : ચેરમેન - નહેમ્યા બાઈબલ કોલેજ
10, MOHAMMED ABDULLAH 2ND STREET, CHEPAUK, CHENNAI - 600 005, INDIA.
Phone : (+91-44) 2852 8282, Cell : (+91) 98410 71852 / 95661 31858
E.mail : sam@echoofhiscall.org / Website : www.echoofhiscall.org

## અમારા મુખ્યાલયમાં ચાલતી અમારી મિનિસ્ટ્રીજને માટે કૃપા કરીને પ્રાર્થના કરશો.

૧. પ્રાર્થના ભજનસેવા - ૨૪ કલાકો.
૨. **બાઈબલકોર** - બાઈબલ પત્રવ્યવહાર અભ્યાસક્રમો અંગ્રેજી, તામિલ અને હિન્દી.
૩. **ઈકો ઓફ હીજ કોલ** - માસિક સામયિકો : અંગ્રેજી, તમિલ, મલયાલમ, તેલુગુ, હિંદી, મરાઠી, કન્નડ, બંગાલી, ગુજરાતી, ઉડીયા, આસામી, પંજાબી, નેપાલી, ઊર્દુ, સિંહાલા અને આફ્રિકન્સ
૪. નહેમ્યાહ બાઈબલ કોલેજો - (બે કેન્દ્રો) (સાંધ્ય / નિવાસી)
૫. ઈશ્વરવિદ્યાના પત્રવ્યવહાર અભ્યાસક્રમો - અંગ્રેજી અને તામિલ
૬. મહાન આદેશના ભાગીદારો - (પાળકોનું માળખું)
૭. તાલિમ કાર્યક્રમો
૮. ક્રુસેડો
૯. સાહિત્ય વિતરણ અને તેનું ફોલો અપ
૧૦. સુવાર્તા છાપખાનું - પ્રકાશનો
૧૧. સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન સ્કૂલ - ગ્રામ્ય અંગ્રેજી માધ્યમિક શાળા
૧૨. રવિવારની શાખા - રવિવારે સવારે ૮.૩૦ અને સાંજે ૪.૦૦ વાગે.
**૧૩. તામિલ ભજનસેવા - રવિવારે સવારે ૮.૦૦ વાગે અને ૧૦.૦૦ વાગે**
**૧૪. હિન્દી ભજનસેવા - રવિવારે સાંજે ૪.૦૦ વાગે**
**૧૫. તેલગુ ભજનસેવા - રવિવારે સાંજે ૫.૦૦ વાગે**
**૧૬. અંગ્રેજીને તામિલ ભજનસેવા - રવિવારે સાંજે ૬.૦૦ વાગે**
૧૭. મહિલાઓની પ્રાર્થના - બુધવારે સાંજે ૫.૦૦ વાગે
૧૮. પૂરૂષોની પ્રાર્થના - શુક્રવારે સાંજે ૫.૦૦ વાગે
૧૯. અનુશાસનતા બેઠકો - શનિવારે સાંજે ૬.૦૦ વાગે
૨૦. ગૃહ બેઠકસભા - મંગળવારે અને ગુરૂવારે સાંજે ૬.૩૦ વાગે
૨૧. ખાસ પ્રભુ ભોજન - મહિનાના પ્રથમ દિવસે સવારે ૬.૦૦ વાગે
૨૨. સેવકોની સમીક્ષા બેઠક - પ્રથમ શનિવારે સાંજે ૫.૩૦ વાગે
૨૩. માતાપિતાઓની પ્રાર્થના - પ્રથમ રવિવારે સાંજે ૪.૦૦ વાગે
૨૪. રાત્રી પ્રાર્થના - બીજા શુક્રવારે રાત્રે ૯.૩૦ વાગે
૨૫. ઉપવાસ સાથેની પ્રાર્થના - ત્રીજા શનિવારે સવારે ૯.૩૦ વાગે
૨૬. પવિત્ર સહભાગીતા/પ્રભુ ભોજન - બીજા રવિવારની ભજનસેવા વખતે
૨૭. સવારની ભક્તિ - દરરોજ સવારે ૫.૦૦ વાગે
૨૮. કર્મચારીઓની તાલીમ - દરરોજ સવારે ૯.૦૦ વાગે
૨૯. કાયાલય - સવારે ૯.૦૦ થી રાત્રે ૯.૦૦ (રવિવાર સિવાય)

## ઇકો ઓફ હીજ કોલ પત્રવ્યવહાર અભ્યાસક્રમો

### ૧. બાઈબલકોર

અમે બાઈબલના મૂળભૂત સત્યો પર આધારિત પત્રવ્યવહાર અભ્યાસક્રમ નવા ખ્રિસ્તીઓ માટે અને બીન-ખ્રિસ્તીઓ માટે રજૂ કરીએ છીએ- અંગ્રેજીમાં-૫૭ પૃષ્ઠો, હિન્દીમાં-૭૬ પૃષ્ઠો અને તામિલમાં-૯૬ પૃષ્ઠોનો. તમને અભ્યાસક્રમનું પુસ્તક, જેનું નામ છે, "નવુ જીવન-તમારા માટે" એ મળશે. આ અભ્યાસક્રમની સમાપ્તિ પછી તમને એક સર્ટીફીકેટ આપવામાં આવશે. આ માટે કોઈ ફરજીયાત શૂલ્ક નથી. તમે આશીર્વાદિત થશો!

### ૨. ઈશ્વરવિદ્યાનો પત્રવ્યવહાર અભ્યાસક્રમ

અગ્રિમ અંતર શિક્ષણ જે **ઈશ્વરવિદ્યાનો પત્રવ્યવહાર અભ્યાસક્રમ** તરીકે ઓળખાય છે, તે અંગ્રેજીમાં ૫૩૭ પૃષ્ઠો અને તામિલમાં-૬૫૨ પૃષ્ઠો સાથે પાળકો, સુર્વાતિકો, ખ્રિસ્તી આગેવાનો અને લે આગેવાનો માટે ઉપલબ્ધ છે. રૂા.૧૦૦૦/- ફી શુલ્ક લેવામાં આવશે. ૧૪૯ પ્રકરણો સાથે ૭ પુસ્તકો આપવામાં આવશે. **મિનિસ્ટ્રીમાં સર્ટીફીકેટ** આપવામાં આવશે. ઇશ્વર તમને આશીર્વાદિત કરશે!

વધુ માહિતી માટે અમારા પર લખો

**The Chairman, Nehemiah Bible College,**
Echo of His Call, Post Box 2957
CHEPAUK, CHENNAI - 600 005.
Ph.: (044) 2852 8282, 2852 9293, 2854 7766,
Cell : 98410 71852, 95661 31858
E.mail : biblecor@yahoo.co.in

## ઈકો ઓફ હીજ કોલ
### માસિક સામયિક વિના મૂલ્ય મેળવવાની એક સારી તક

જો તમે તમારા મિત્રો, સંબંધીઓના સરનામા ટપાલથી, પત્રથી, ઈમેલથી, વોટ્સઅપથી અથવા ફોનથી અમારા પર મોકલશો, તો અમે **ઈકો ઓફ હીજ કોલ** માસિક સામયિક તેમના ઘરે વિના મૂલ્ય મોકલશું.

## કર મુક્તિ

કોઈ પણ વ્યક્તિ કે સંસ્થા દ્વારા **ઈકો ઓફ હીજ કોલ** શૈક્ષણિક ટ્રસ્ટને અપાયેલ દાનો આવકવેરા મુક્તિ હેઠળ સેક્સન ૮૦જી મુજબ કર મુક્તિને પાત્ર છે. આ માટે અધિકૃત રસીદ આપવામાં આવશે. મહેરબાની કરીને તમારા આવા દાનો ડિમાન્ડ ડ્રાફ્ટ / ચેકો / મનિઓર્ડર દ્વારા **ઈકો ઓફ હીજ કોલ** શૈક્ષણિક ટ્રસ્ટની તરફેણમાં લખો અને અમને મોકલી આપો.

| | | |
|---|---|---|
| **Account Name** | : | **ECHO OF HIS CALL EDUCATIONAL TRUST** |
| **Account Number** | : | **1023 2923 805** |
| **Bank Name** | : | **STATE BANK OF INDIA** |
| **Branch** | : | **TRIPLICANE, CHENNAI - 600 005** |
| **IFSC Code** | : | **SBIN 0000249** |
| **SWIFT Code** | : | **SBI NIN BB 455** |



# ખાડામાંથી મહેલમાં

## Pit To Palace

(પાળક એસ. સામ સેલ્વરાજના જીવનનાં અનુભવો)

**"જે વાંચે, તે સમજે"** (માથ્થી ૨૪:૧૫)

**"તારી વિરુદ્ધ વાપરવા સારુ ઘડેલું કોઈ પણ હથિયાર સાર્થક થશે નહિ; ન્યાયસભામાં જે કોઈ જીભ તારી વિરુદ્ધ બોલશે, તેને તું દોષિત ઠરાવીશ."** યશાયા ૫૪:૧૭.

મોટાભાગે, જ્યારે પણ અમે ઈશ્વરના રાજ્યના વિસ્તરણ માટે નવું સેવાકાર્ય કે નવી મિનિસ્ટ્રીની શરૂઆત કરી હતી, ત્યારે અમને વિવિધ પ્રકારના વિરોધો અને મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. ક્યારેક, મુસીબતો સીધી શેતાન તરફથી આવે છે અને કેટલીકવાર મુશ્કેલીઓ લોકો દ્વારા આવે છે. અનેક પ્રસંગોએ મને એકલ વ્યક્તિ તરીકે મુશ્કેલીઓ અને વિરોધોનો સામનો કરવો પડ્યો હતો.

જ્યારે અમે મુખ્ય મિશન બિલ્ડિંગનું બાંધકામ કરી રહ્યા હતા, ત્યારે તે વિસ્તારમાં રહેતા લોકો ખૂબ જ નાખુશ હતા. બાંધકામ ચાલુ હતું ત્યારે તેઓએ મને મહત્તમ તકલીફો આપવાનો પ્રયાસ કર્યો હતો. તેમાં સામેલ કામદારો પણ ભારે પરેશાન હતા અને અમુક લોકો દ્વારા આપવામાં આવતા ત્રાસને કારણે મોટાભાગના કામદારોએ નોકરી છોડી દીધી હતી અને મને આગળ વધવું ખૂબ મુશ્કેલભર્યું લાગ્યું હતું. જબરદસ્ત વિરોધ જોઈને, મકાનનું બાંધકામ કરનાર ઠેકેદાર કે જે ખ્રિસ્તી હતો તે પણ તેના કામદારોને પાછો લઈ ગયો અને ઘટનાસ્થળેથી નાસી જતો રહ્યો હતો.

કેટલાક લોકો કે જેઓ પ્રભુના કામોની વિરુદ્ધ હતા, તેઓ ખૂબ જ નમ્રતાથી મારી પાસે આવ્યા અને મને તે ચોક્કસ જગ્યાએ પ્રભુનું કામ બંધ કરવા કહ્યું અને અન્ય ખ્રિસ્તી વિસ્તારમાં જતા રહેવા કહ્યું અને તેઓએ મને તે માટે ગમે તેટલી રકમ આપવાની રજૂઆત કરી હતી. હું મારા તેડાંમાં ખૂબ જ હઠીલો હતો અને તેમને નમ્રતાથી કહ્યું કે હું તેમનો અવાજ સાંભળી શકતો નથી અને તેમને સમજાવ્યું કે તે જીવતા ઈશ્વરનું કાર્ય છે અને તેમને વિનંતી કરી કે તેઓ કોઈપણ રીતે કામની વિરુદ્ધ ન ઉભા રહે.

પણ તેઓએ મને માનસિક અને શારીરિક દબાવ આપવાનું ચાલુ રાખ્યું હતું. કસોટીના આ સમય દરમિયાન, મેં મારી સાથે હાથ મિલાવવા શહેરના વિવિધ ખ્રિસ્તી આગેવાનોનો અને ખ્રિસ્તી વકીલોનો, હિમાયતીઓનો સંપર્ક કર્યો હતો. કમનસીબે મારા બચાવમાં કોઈ આગળ આવ્યું નહિ. પણ મેં પ્રભુને મારી સાથે રહેવા માટે પ્રાર્થનામાં ઘણો બધો સમય વિતાવ્યો. મને પણ વિશ્વાસથી આગળ વધવામાં શાંતિ પ્રાપ્ત થઈ હતી.

ઉદાહરણ તરીકે, એક દિવસ, સીમેન્ટનું કોંક્રિટ ફરસબંધીનું કામ શરૂ કરવામાં આવ્યું હતું અને સરળતાથી મિશ્રિત કોંક્રિટ લઈને ટ્રકો આવી હતી અને કામ શરૂ કરવામાં આવ્યું હતું. કેટલાક પડોશીઓ મારી સામે જોડાયા અને કામ કરવાની સામે બૂમો પાડવા લાગ્યા. મને ખબર ન હતી કે શું કરવું અને મારે સીમેન્ટની મિશ્રિત કોંક્રિટ ટ્રકો સંબંધિત કંપનીને પાછી મોકલવી પડી, પરંતુ તેની કિંમત ચૂકવીને. પણ થોડા દિવસો પછી ઈશ્વરે મને કામ પૂરું કરવામાં મદદ કરી હતી.

છેવટે, આખું કામ પૂરું થયા પછી, મેં મારા મિત્રો અને શુભેચ્છકોને આમંત્રણ પત્રો મોકલવાનું શરૂ કર્યું, અને તેમને મકાનની સમર્પણ સેવામાં હાજરી આપવા વિનંતી કરી. તે સમય સુધીમાં, જે લોકો મારી વિરુદ્ધ અને પ્રભુના કામની વિરુદ્ધ ઊભા હતા, તેઓ ગાયબ થઈ ગયા હતા. તેમાંથી કેટલાકને કૌટુંબિક સમસ્યાઓને કારણે વિસ્તાર છોડવો પડ્યો હતો; તેમાંથી કેટલાકે મિલકત વેચી દીધી હતી અને બીજે રહેવા ચાલ્યા ગયા હતા; અને જેઓ પ્રભુના કામની વિરુદ્ધ ઊભા રહેલા હતા , એવા લોકોના જીવનોમાં ઘણી દુઃખદ ઘટનાઓ બની હતી. પરંતુ સૌથી દુઃખદ બાબત એ હતી કે જ્યારે મેં અમારી સમર્પણ સેવામાં હાજરી આપવા માટે આમંત્રણ આપવા માટે તેમને શોધ્યા ત્યારે હું તેમના ઠેકાણા અથવા તેમના પરિવારોને શોધી શક્યો ન હતો. કેટલીક ઈમારતો અત્યારે પણ બંધ છે અને ત્યાં લાંબા સમયથી કોઈ રહેતું ન હતું. કેટલીક ઈમારતો તોડી પાડવામાં આવી હતી અને ત્યાં કોઈ નથી

હવે ત્યાં પ્રભુના કામની સામે ઊભા રહેનાર કોઈ નથી. અમારી ઈમારતો તે વિસ્તારમાં સૌથી વ્યસ્ત રહે છે. લોકો સ્વતંત્રતાથી પ્રભુની ભક્તિ કરે છે. ઈશ્વરના રાજ્યના વિસ્તરણ માટે દિવસ-રાત ઘણી બધી પ્રવૃત્તિઓ ચાલી રહી છે. બાઈબલ કહે છે:

**"તારા જે શત્રુઓ તારી સામે ચઢી આવે તેઓને યહોવા તારી આગળ માર ખવડાવશે; તારી સામે તેઓ એક માર્ગે ધસી આવશે ને તારી સામેથી સાત માર્ગે નાસી જશે."** પુનર્નિયમ ૨૮:૭. **"જેઓ તારી સાથે ઝઘડો કરે છે તેઓને તું શોધીશ, પણ તેઓ તને જડશે નહિ; તારી સામે લડનાર માણસ નહિ સરખાં, તથા શૂન્ય જેવાં થશે."** યશાયા ૪૧:૧૨.

વહાલા મિત્રો, શું તમે સારા કામ કરવાનો પ્રયાસ કરવા છતાં તમારા જીવનમાં મોટી આફતો અને વિક્ષેપમાંથી પસાર થઈ રહ્યા છો? ધીરજ રાખો અને ઈશ્વરના મુખ તરફ જુઓ. ભલે તમે તમારા જીવનમાં બધું ગુમાવ્યું હોય, ભવિષ્ય હજી બાકી છે.

(પાન ૬ પરથી આગળ...)

કેટલીકવાર, આપણે મહેનતુ, સમર્પિત અને વિશ્વાસુ હોઈ શકીએ છીએ, છતાં પણ ઈનામ જીતવામાં નિષ્ફળ જઈએ છીએ. કેમ? કેમ કે ઈશ્વર આપણી પાસેથી ખરેખર શું ઈચ્છે છે તેને આપણે નજરઅંદાજ કરી શકીએ છીએ. તેમણે આપણને દોડવા માટે જે ચોક્કસ દોડની રચના કરી છે તેને આપણે સમજવાનું ચૂકી શકીએ છીએ.

આવો આપણે તેમની ઈચ્છા શોધવા, તેમના હેતુને પારખવા અને તેમણે આપણા જીવનો માટે અનન્ય રીતે તૈયાર કરેલા સંદેશને જીવનમાં ઉતારવા માટે સમય કાઢીએ. તો જ આપણે હેતુ સાથે દોડી શકીશું અને વિજયી રીતે દોડ પૂરી કરી શકીશું.

૨ શમુએલ ૧૮માં, આપણે એક રસપ્રદ ઘટનાનો સામનો કરીએ છીએ. યોઆબ દાઉદ રાજા તરફથી તેના પુત્ર આબ્શાલોમ સામે લડાઈ લડી રહ્યો હતો. સંઘર્ષ હોવા છતાં, દાઉદે સ્પષ્ટપણે આદેશ આપ્યો હતો કે આબ્શાલોમને કોઈ નુકસાન ન પહોંચવું જોઈએ. જો કે, યુદ્ધ દરમિયાન, યોઆબે વિજય મેળવ્યો, પણ આબ્શાલોમ માર્યો ગયો હતો. આ દુઃખદ સમાચાર દાઉદ સુધી પહોંચાડવાની જરૂર હતી - એક કાર્ય જેમાં અત્યંત સંવેદનશીલતાની જરૂર હતી.

બે દોડવીરો દાઉદને સંદેશ પહોંચાડવા માટે સ્વૈચ્છિક સેવા આપવા તૈયાર થયા હતા. યોઆબે, જો કે, અહીમાઆસને તે દિવસે સંદેશ લઈ ન જવાની સૂચના આપી હતી, અને સૂચવ્યું હતું કે તે બીજી વખત દોડી જઈ શકે છે. તેને બદલે, યોઆબે એક કુશી સંદેશવાહકને પસંદ કર્યો અને તેને જે જોયું હતું તેની જાણ કરવા નિર્દેશ આપ્યો હતો. કુશીએ દોડવાનું શરૂ કર્યું, પરંતુ અહીમાઆસે જોડાવા માટે આગ્રહ રાખતા આખરે યોઆબને પણ તેને દોડીને જવા દેવા માટે રાજી કર્યો હતો. ઝડપી દોડવીર હોવાને કારણે, અહિમાઆસ કુશીથી આગળ નીકળી ગયો અને દાઉદ રાજા પાસે પહેલા પહોંચી ગયો હતો.

દાઉદે, ખૂબ જ અપેક્ષા સાથે રાહ જોતા, આતુરતાથી અહિમાઆસને યુદ્ધના પરિણામ વિશે પૂછ્યું હતું. જો કે, અહિમાઆસે તેની ઝડપ અને પ્રયત્નો છતાં સ્વીકાર્યું કે તેને સંપૂર્ણ વિગતો ખબર નથી : **"મેં ઘણી ધાંધળ થતી જોઈ, પણ શું થયું તેની મને ખબર પડી નહિ."** ૨ શમુએલ ૧૮:૨૯. ખૂબ જ સમર્પણ અને દ્રઢતા સાથે અથાક



*કૂશીએ યુક્તિપૂર્વક દાઉદને આબ્શાલોમના મૃત્યુની જાણ કરી.*

દોડ્યા હોવા છતાં તેની પાસે કોઈ અર્થપૂર્ણ સંદેશો નહોતો.

તેનાથી વિપરિત, કુશીએ, ધીમો દોડ્યો હોવા છતાં, એક સંદેશવાહક તરીકે તેની જવાબદારી નિભાવી હતી. જ્યારે તે પહોંચ્યો, ત્યારે તેણે સ્પષ્ટતા અને સંવેદનશીલતા સાથે સંદેશ આપ્યો હતો. દાઉદના પ્રશ્નના જવાબમાં, કૂશીએ ઉત્તર આપ્યો કે, **"મારા મુરબ્બી રાજાના શત્રુઓ, તથા તને હાનિ પહોંચાડવા સારુ તારી વિરુદ્ધ જે ઊઠે છે તે સર્વના હાલ તે જુવાનના જેવા થશે."** ૨ શમુએલ ૧૮:૩૨. સીધેસીધું કહ્યા વિના, કુશીએ યુક્તિપૂર્વક દાઉદને આબ્શાલોમના મૃત્યુની જાણ કરી હતી.

અહિમાઆસ અને કુશી વચ્ચેની સરખામણી આશ્ચર્યજનક છે. અહિમાઆસ વધુ સારો દોડવીર હતો પરંતુ એક નબળો સંદેશવાહક હતો કારણ કે તેની પાસે સૌથી મહત્વપૂર્ણ તત્વ - સંદેશનો અભાવ હતો. સંદેશવાહકની પ્રથમ જવાબદારી સાચો સંદેશ પહોંચાડવાની છે, પછી ભલે તે ગમે તેટલી છટાદાર રીતે રજૂ કરવામાં આવે.

જ્યારે આપણે આ ફકરા પર વિચાર કરીએ છીએ, ત્યારે આવો આપણે તેના પાઠ પર ધ્યાન આપીએઃ અહીમાઆસની જેમ દોડશો નહિ!

મારા વહાલા ભાઈઓ તથા બહેનો, જ્યારે આપણે આ વર્ષની શરૂઆત કરીએ છીએ, ત્યારે આવો આપણે માત્ર ઝડપ અને પ્રયત્નો સાથે નહિ પણ હેતુ અને સ્પષ્ટતા સાથે દોડીએ. આવો આપણે જીતવા માટે દોડ દોડીએ.

********


# તાકીદની જરૂરિયાત

**ઈકો ઓફ હીજ કોલ ઝડપી ગતિએ વિસ્તરી રહ્યું છે. અમને નીચેની જગ્યાઓ માટે મિશનના સેવાકાર્યના મનો સાથે, સમર્પિત અને વિશ્વાસુ પુરૂષો અને મહિલા ઉમેદવારોની જરૂર છેઃ**

- ➪ અમારા મુખ્ય ચર્ચ માટે પૂર્ણ સમયના સહાયક પાળકો
- ➪ ચેન્નાઈમાંના અમારા શાખા ચર્ચો માટે પૂર્ણ સમયના સહાયક પાળકો
- ➪ પૂર્ણ સમય માટે સુરક્ષા કર્મચારીઓ
- ➪ ડીટીપી ઓપરેટર્સ અને ટાઈપિસ્ટ
- ➪ અંગ્રેજી અને અન્ય ભાષાઓ બોલવામાં અને લખવામાં નિપુણતા ધરાવનાર
- ➪ વહીવટમાં રસ ધરાવતા કાર્યાલયીન સંચાલકો, ઓફિસ મેનેજરો
- ➪ પૂર્ણ સમય માટે બાઈબલ કોલેજ વ્યાખ્યાતાઓ
- ➪ સ્વયંસેવકો કે જેઓ અમારા સેવાકાર્યને પ્રોત્સાહન આપી શકે છે
- ➪ પૂર્ણ સમય માટે વાહન ચાલકો
- ➪ મેટ્રિક્યુલેશન શાળા માટે આચાર્ય અને શિક્ષકો
- ➪ પૂર્ણ સમય માટે રસોઈયો (સ્ત્રી)
- ➪ સંપૂર્ણ સમય માટે હાઉસકીપિંગ કર્મચારીઓ

**લાયકાત અને અનુભવના આધારે પગાર**

**ઈકો ઓફ હીજ કોલ ઓફીસ અરજી કરશો**
**વોટ્સએપ નંબર : 98412 71858**
**ઈમેલ : sam@echoofhiscall.org**

RNI NO. 70103/98, Postal Regn. No. TN/CH(C)/203/24-26 WPP NO. TN/PMG(CCR)/WPP-216/24-26

## ઈકો ઓફ હીજ કોલ

### યુટ્યુબ

**સબસ્ક્રાઈબ કરો**

જ્યારે તમને સમય મળે ત્યારે કૃપા કરીને અમારી **ઈકો ઓફ હીજ કોલ યુટ્યુબ ચેનલ** જુઓ અને તેને સબસ્ક્રાઈબ કરો. આભાર

– સંપાદક

## OUR BANK DETAILS:

### *1. Bank : State Bank of India*

Branch : **Triplicane, Chennai-5**
Name : **S. Sam Selva Raj**
A/C No. : **1023 2934 679**
IFSC : **SBIN 00 00 249**
SWIFT CODE : **SBI NIN BB 455**

### *2. Bank : ICICI Bank*

Branch : **Anna Salai, Chennai-6**
Name : **Echo of His Call**
A/C No. : **6038 0502 2319**
IFSC : **ICIC 000 6038**

### *3. Bank : State Bank of India*

**(This Account is for Tax Exemption for Indians only )**

Branch : **Triplicane, Chennai-5**
Name : **Echo of His Call Educational Trust**
A/C No. : **1023 2923 805**
IFSC : **SBIN 00 00 249**

**Google Pay: 98410 71858**
**PayPal : SAM SELVA RAJ**

*****

**E.mail : sam@echoofhiscall.org**

## તેમના સાદનો પ્રતિસાદ

૧૬ ભાષાઓમાં પ્રકાશિત થતુ માસિક સામાયિક, બાઈબલ કોલેજો, પત્રવ્યવહાર અભ્યાસક્રમો, ચર્ચ પ્લાંટીંગ, ગ્રામ્ય અગ્રેજી માધ્યમિક સ્કુલ, સુવાર્તા છાપખાનું, ધર્મસભાઓ, પરિસંવાદો, સામાજીક સેવાઓ વગેરે.

**વાર્ષિક લવાજમ : રૂ.૧૦૦/-** **આજીવન લવાજમ રૂ.૨૦૦૦/-**

**તેમના સાદનો પ્રતિસાદ** (ઇકો ઓફ હીજ કોલ) મિનિસ્ટ્રીની અનેકવિધ પ્રવૃત્તિઓ તમારા જેવા દેવના લોકો દ્વારા મળનાર સ્વૈછીક દાનો પર આધારીત છે. જેમ ઈશ્વર તમને દોરે તેમ તમે ઈકો ઓફ હીજ કોલ અને તેની પ્રવૃત્તિઓને મદદ કરી શકો છો. અમને તમારી મદદની જરૂર છે જેથી અમે વણખેડાયેલા લોકો સુધી સુવાર્તા મોકલી શકીએ અને ચર્ચો ઉભા કરી શકીએ.

જો તમે **ઈકો ઓફ હીજ કોલ** (તેમના સાદનો પ્રતિસાદ) સામાયિક નિયમિતપણે મેળવવા માગો છો, તો મહેરબાની કરીને અમારા પર લખો. જ્યારે પણ તમે તમારૂં પત્રવ્યવહાર સરનામું અથવા ઈમેલ સરનામા બદલો, મહેરબાની કરીને અમને તમારા જુના અને નવા સરનામા જણાવશો.

**ઈકો ઓફ હીજ કોલ** (તેમના સાદનો પ્રતિસાદ) ૧૬ ભાષાઓમાં અમારી વેબસાઈટ પર ઉપલબ્ધ છે, તમે તે સાઈટ પર જઈને વાંચી શકો તેમજ ડાઊનલોડ કરી શકો અને આશિર્વાદ મેળવો.

તમારા પત્રો, પ્રાર્થના વિનંતિઓ અને તમારી નાણાંકીય મદદો મનીઓર્ડર, ચેક અથવા ડી.ડી.દ્વારા NEFT, PayPal (Sam Selva Raj, sam@echoofhiscall.org) Phone Pay (9841071858) GPay (9841071858) વેસ્ટર્ન યુનિયન, મનીગ્રામ વગેરે મારફત ઇકો ઓફ હીજ કોલ મિનિસ્ટ્રી પર નીચે દર્શાવેલ સરનામાપર મોકલી શકો છો.

મહેરબાની કરીને તમારા **ઘરનો ફોન/સેલ નંબરો, ઈમેલ સરનામા** અપડેશન માટે મોકલો.

**અમારૂં સરનામું ECHO OF HIS CALL**

10, MOHAMMED ABDULLAH 2ND STREET, CHEPAUK, CHENNAI - 600 005, INDIA
PH: (+91-44) 2852 8282, 2852 9293, 2854 7766/ Cell: (+91) 98410 71852, 95661 31858 / E.mails: sam@echoofhiscall.org / biblecor@yahoo.co.in
Websites: www.echoofhiscall.org / www.stpaulsmatriculation.com

**YOU CAN SEND YOUR DONATION ONLINE ALSO**

**RNI NO. 70103/98**
**Postal Regn. No. TN/CH/(C)/203/24-26**
**WPP NO. TN/PMG(CCR) / WPP- 216/24-26**
**Date of Publication: Third week of every month**
**Date of Posting : 15th & 16th of every month**
**Posted at "Egmore RMS / 1 Patrika Channel"**
**on 17th FEBRUARY 2025**
**If un-delivered please return to:**
**ECHO OF HIS CALL (GUJARATI)**
**P.O. Box No. 2957,**
**Chepauk, Chennai - 600 005, INDIA.**
**Phone: (+ 91- 44) 2852 8282, 2852 9293, 2854 7766**

***JESUS LOVES YOU!***

**To**

*GOD BLESS YOU!*

Owned and published by **S. Sam Selva Raj** from New No. 8 & 10, Old No.18 & 19, Mohammed Abdullah 2nd Street, Chepauk, Chennai-600 005 and printed by **S. Sam Selva Raj** at **Echo of His Call Printers,** New No. 8 & 10, Old No.18 & 19, Mohammed Abdullah 2nd Street, Chepauk, Chennai-600 005. Editor: **S. Sam Selva Raj.**